Saturday
28.12.2024
✳Volume :9 ✳ Issue No.163
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

કેબિનેટે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના નિધન પર શોક વ્યકત કર્યો

કમલમ્,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહની યાદમાં શોક ઠરાવ પસાર કર્યો હતો. કેબિનેટે બે મિનિટનું મૌન પાળીને ડૉ. મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપી હતી. ૦૧.૦૧.૨૦૨૫ સુધી સાત દિવસનો રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આ શોકના સમયગાળા દરમિયાન, સમગ્ર ભારતમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ લહેરાશે. ૦૧.૦૧.૨૦૨૫ સુધી સાત દિવસ સુધી વિદેશના તમામ ભારતીય મિશન/ઉચ્ચ આયોગોમાં પણ રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ઝુકાવવામાં આવશે. ડૉ. મનમોહન સિંહના રાજકીય સન્માનની સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. રાજકીય સન્માનની સાથે અંતિમ સંસ્કારના દિવસે કેન્દ્ર સરકારની તમામ કચેરીઓઅને CPSUમાં અડધા દિવસની રજા જાહેર કરવામાં આવશે.

ઠરાવનું લખાણ આ મુજબ છે:-

"કેબિનેટ ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના ૨૬મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ, નવી દિલ્હી ખાતે થયેલા દુ:ખદ અવસાન પર ગહન દુ:ખ વ્યક્ત કરે છે.

૨૬ સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ અવિભાજિત ભારતના પંજાબ પ્રાંતના પશ્ચિમ પંજાબના ગામ ગાહમાં જન્મેલા ડૉ. સિંહની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ હતી. તેમણે ૧૯૫૪માં પંજાબ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં માસ્ટર ડિગ્રી મેળવી અને ૧૯૫૭માં ફર્સ્ટ ક્લાસ ઓનર્સ સાથે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં તેમની ટ્રાઈપોસ પ્રાપ્ત કરી. તેમને ૧૯૬૨માં ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા ડી.ફિલની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

ડૉ. સિંહે પોતાની કારકિર્દી પંજાબ યુનિવર્સિટી, ચંડીગઢમાં વરિષ્ઠ લેક્ચરર તરીકે શરૂ કરી અને તે જ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર બન્યા. ૧૯૬૯માં તેઓ દિલ્હી યુનિવર્સિટીના દિલ્હી સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં ઈન્ટરનેશનલ ટ્રેડના પ્રોફેસર બન્યા. ડૉ. મનમોહન સિંહ ૧૯૭૧માં તત્કાલિન વિદેશ વેપાર મંત્રાલયમાં આર્થિક સલાહકાર બન્યા હતા. તેઓ નાણા મંત્રાલયમાં મુખ્ય આર્થિક સલાહકાર (૧૯૭૨-૭૬), આર્થિક બાબતોના વિભાગના સચિવ (નવેમ્બર ૧૯૭૬ થી એપ્રિલ ૧૯૮૦), આયોજન પંચના સભ્ય સચિવ (એપ્રિલ ૧૯૮૦ થી સપ્ટેમ્બર ૧૯૮૨) અને ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર (સપ્ટેમ્બર ૧૯૮૨ થી જાન્યુઆરી ૧૯૮૫) રહ્યાં હતા.

ડૉ. સિંહને તેમની કારકિર્દીમાં આપવામાં આવેલા અનેક પુરસ્કારો અને સમ્માનોમાં સૌથી પ્રમુખ છે ભારતના બીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ વિભૂષણ (૧૯૮૭), ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનો જવાહરલાલ નહેરુ જન્મ શતાબ્દી પુરસ્કાર (૧૯૯૫), વર્ષના નાણા મંત્રી તરીકે યુરો મની એવોર્ડ (૧૯૯૩), કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા એડમ સ્મિથ પુરસ્કાર (૧૯૫૬) સામેલ છે.

ડૉ. મનમોહન સિંહે ૧૯૯૧ થી ૧૯૯૬ દરમિયાન ભારતના નાણામંત્રી તરીકે સેવા આપી હતી. આર્થિક સુધારાની વ્યાપક નીતિને આગળ ધપાવવામાં તેમની ભૂમિકા સર્વોવિદિત છે. ડૉ. સિંહ ૨૨ મે, ૨૦૦૪ના રોજ ભારતના પ્રધાનમંત્રી બન્યા અને મે, ૨૦૦૯ સુધી પ્રધાનમંત્રી તરીકે સેવા આપી. તેઓ મે ૨૦૦૯ થી ૨૦૧૪ સુધી બીજી મુદત માટે પ્રધાનમંત્રી બન્યા હતા.

ડૉ. મનમોહન સિંહે આપણા રાષ્ટ્રીય જીવન પર પોતાની છાપ છોડી છે. તેમના નિધનથી દેશે એક પ્રતિષ્ઠિત રાજનેતા, જાણીતા અર્થશાસ્ત્રી અને પ્રતિષ્ઠિત નેતા ગુમાવ્યા છે.

કેબિનેટ સરકાર અને સમગ્ર રાષ્ટ્ર વતી શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરે છે."

કમલમ્
કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંહને પુષ્પાંજલિ અર્પણ કરી. શ્રી અમિત શાહે 'X' પરની તેમની પોસ્ટમાં કહ્યું કે, ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહન સિંહજીને પુષ્પાંજલિ અર્પણ કરી. વિખ્યાત અર્થશાસ્ત્રી, મનમોહન સિંહજીને નાણાં અને જાહેર નીતિના તેમના વિશાળ જ્ઞાન માટે હંમેશા યાદ કરવામાં આવશે.

પ્રધાનમંત્રીએ ૪૫મા પ્રગતિ સંવાદની અધ્યક્ષતા કરી

પીએમએ રૂ. ૧ લાખ કરોડથી વધુની કિંમતના આઠ મુખ્ય પ્રોજેક્ટની સમીક્ષા કરી

પીએમએ એવા શહેરો માટે અનુભવની વહેંચણી માટે વર્કશોપ યોજવાની સલાહ આપી જ્યાં મેટ્રો પ્રોજેક્ટ્સ અમલમાં છે અથવા પાઇપલાઇનમાં છે જેથી શ્રેષ્ઠ પ્રથાઓ અને મુખ્ય શિક્ષણને સમજવામાં આવે

પ્રોજેક્ટ્સમાં વિલંબ માત્ર ખર્ચમાં વધારો તરફ દોરી જતો નથી પરંતુ લોકોને પ્રોજેક્ટના ઉદ્દેશ્ય લાભોથી પણ વંચિત કરે છે: પીએમ

પ્રધાનમંત્રીએ બેંકિંગ અને વીમા ક્ષેત્રને લગતી જાહેર ફરિયાદોની સમીક્ષા કરી અને ફરિયાદોના નિકાલની ગુણવત્તા પર ભાર મૂક્યો

કમલમ્,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્ર અને રાજ્ય સરકારોને સમાવતા અતિ-સક્રિય શાસન અને સમયસર અમલીકરણ માટે આઈસીટી આધારિત મલ્ટિ-મોડલ પ્લેટફોર્મ પ્રગતિની ૪૫મી આવૃત્તિની બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં આઠ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં શહેરી પરિવહનનાં ૭ મેટ્રો પ્રોજેક્ટ અને રોડ કનેક્ટિવિટી અને થર્મલ પાવર સાથે સંબંધિત એક-એક પ્રોજેક્ટ સામેલ છે. વિવિધ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પથરાયેલા આ પ્રોજેક્ટ્સનો સંયુક્ત ખર્ચ રૂ. ૧ લાખ કરોડથી વધારે છે.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય એમ બંને સ્તરે તમામ સરકારી અધિકારીઓએ સ્વીકારવું જોઈએ કે પ્રોજેક્ટમાં વિલંબ થવાથી ખર્ચમાં વધારો થવાની સાથે-સાથે જનતાને ઈચ્છિત લાભ મેળવવામાં પણ અવરોધ ઊભો થાય છે. વાતચીત દરમિયાન પ્રધાનમંત્રીએ બેંકિંગ અને વીમાક્ષેત્ર સાથે સંબંધિત જાહેર ફરિયાદોની પણ સમીક્ષા કરી હતી. જ્યારે પ્રધાનમંત્રીએ નિકાલ માટે લાગતા સમયમાં થયેલા ઘટાડાની નોંધ લીધી હતી, ત્યારે તેમણે ફરિયાદોના નિકાલની ગુણવત્તા પર પણ ભાર મૂક્યો હતો. વધુને વધુ શહેરો મેટ્રો પ્રોજેક્ટ્સને પસંદગીની જાહેર પરિવહન વ્યવસ્થામાંના એક તરીકે રજૂ કરી રહ્યા છે તેને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રીએ એવા શહેરો માટે અનુભવની વહેંચણી માટે વર્કશોપનું આયોજન કરવાની સલાહ આપી હતી, જ્યાં પ્રોજેક્ટ્સ અમલમાં છે અથવા પાઈપલાઈનમાં છે, જેથી શ્રેષ્ઠ પદ્ધતિઓ અને અનુભવોમાંથી પ્રાપ્ત થતી જાણકારી મેળવી શકાય. સમીક્ષા દરમિયાન પ્રધાનમંત્રીએ પ્રોજેક્ટનાં અમલીકરણ દરમિયાન પ્રોજેક્ટ અસરગ્રસ્ત પરિવારોનાં સમયસર પુનર્વસન અને પુનઃસ્થાપનનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. વધુમાં તેમણે નવા સ્થળે ગુણવત્તાસભર સુવિધાઓ આપીને આવા પરિવારોનું જીવન સરળ બનાવવા જણાવ્યું હતું.

પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુફ્ત બિજલી યોજનાની પણ સમીક્ષા કરી હતી. તેમણે ગુણવત્તાયુક્ત વિક્રેતા ઈકોસિસ્ટમ વિકસાવીને રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રૂફટોપ્સની સ્થાપનાની ક્ષમતા વધારવાની સૂચના આપી હતી. તેમણે આ પ્રક્રિયામાં જરૂરી સમય ઘટાડવાનો પણ નિર્દેશ આપ્યો હતો, જેમાં ડિમાન્ડ જનરેશનથી શરૂ કરીને રૂફટોપ સોલારના સંચાલન સુધીનો સમાવેશ થાય છે. તેમણે રાજ્યોને તબક્કાવાર રીતે ગામો, નગરો અને શહેરો માટે સંતૃપ્તિનો અભિગમ અપનાવવાનો નિર્દેશ આપ્યો હતો.

પ્રગતિની બેઠકોનાં ૪૫માં સંસ્કરણ સુધી આશરે રૂ. ૧૯.૧૨ લાખ કરોડનો કુલ ખર્ચ ધરાવતાં ૩૬૩ પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવી હતી.

ધારાસભ્ય કરસનભાઈ સોલંકીના સ્વાસ્થ્ય વિશેની માહિતી મેળવતા પૂર્વ સાંસદ ડૉ. કિરીટભાઈ

કમલમ્
અમદાવાદ
GCRI હોસ્પિટલમાં દાખલ કડી વિધાનસભા મતવિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય કરસનભાઈ સોલંકીની અમદાવાદ પશ્ચિમ લોકસભા મત વિસ્તારના પૂર્વ સાંસદ ડોક્ટર કિરીટભાઈ સોલંકી, રાજ્ય સભાના પૂર્વ સાંસદ રાજુભાઈ પરમાર એ મુલાકાત કરીને તેમના સ્વસ્થમય જીવન માટે મનોકામના કરીને હોસ્પિટલની મેડિકલ ટીમ સાથે તેમના સ્વાસ્થ્ય વિશેની જાણકારી મેળવી હતી ધારાસભ્ય કરસનભાઈ સોલંકીએ બન્ને પૂર્વ સાંસદ થકી હોસ્પિટલમાં તેમની ખબર અંતર પૂછવા બદલ લાગણીસભર આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના નિધન પર શોક વ્યકત કર્યો

ડો. સિંહનું જીવન ભવિષ્યની પેઢીઓને શીખવે છે કે કેવી રીતે વિપરીત પરિસ્થિતિઓમાંથી બહાર આવીને મહાન ઊંચાઈ હાંસલ કરી શકાય: પ્રધાનમંત્રી

ડો. સિંહને હંમેશા એક દયાળુ વ્યક્તિ, એક વિદ્વાન અર્થશાસ્ત્રી અને સુધારાને સમર્પિત નેતા તરીકે યાદ કરવામાં આવશે: પ્રધાનમંત્રી

ડો. સિંહની વિશિષ્ટ સંસદીય કારકિર્દી તેમની નમ્રતા, સૌમ્યતા અને બુદ્ધિમત્તા દ્વારા ચિહ્નિત કરવામાં આવી હતી: પ્રધાનમંત્રી

ડો. સિંહ હંમેશા પક્ષના રાજકારણથી ઉપર ઉઠીને તમામ પક્ષોના લોકો સાથે સંપર્ક જાળવી રાખતા હતા અને દરેક માટે સરળતાથી ઉપલબ્ધ રહેતા હતા: પ્રધાનમંત્રી

કમલમ્
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીથી એક વીડિયો સંદેશમાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના નિધન પર ઊંડું દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે ડૉ. સિંહનું નિધન રાષ્ટ્ર માટે એક મોટી ખોટ છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવી એ કોઈ સામાન્ય સિદ્ધિ નથી અને વિભાજન દરમિયાન ભારત આવ્યા પછી ઘણું ગુમાવ્યું હોવા છતાં ડૉ. સિંહ એક સફળ વ્યક્તિ હતા. તેમણે વધુમાં કહ્યું કે ડૉ. સિંહનું જીવન ભાવિ પેઢીઓને શીખવે છે કે કેવી રીતે વિપરીત પરિસ્થિતિઓમાંથી ઉપર ઊઠીને મહાન ઊંચાઈઓ હાંસલ કરી શકાય છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ડૉ. સિંહને હંમેશા એક દયાળુ વ્યક્તિ, એક વિદ્વાન અર્થશાસ્ત્રી અને સુધારાઓને સમર્પિત નેતા તરીકે યાદ કરવામાં આવશે અને તેમણે અર્થશાસ્ત્રી તરીકે વિવિધ સ્તરે ભારત સરકારમાં ડૉ. સિંહના અસંખ્ય યોગદાનો અંગે પણ વાત કરી. પ્રધાનમંત્રીએ પડકારજનક સમયમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર તરીકે ડો. સિંહની ભૂમિકાની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને ભારત રત્ન શ્રી પી.વી.નરસિંહ રાવની સરકારમાં નાણા પ્રધાન તરીકે ડૉ. મનમોહન સિંહે દેશને નાણાકીય કટોકટીમાંથી બહાર કાઢીને એક નવા આર્થિક માર્ગે દોર્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી તરીકે દેશના વિકાસ અને પ્રગતિમાં ડૉ. સિંહના યોગદાનને હંમેશા યાદ રાખવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે લોકો અને દેશના વિકાસ પ્રત્યે ડૉ સિંહની પ્રતિબદ્ધતાને હંમેશા ઉચ્ચ સન્માન આપવામાં આવશે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે ડૉ. સિંહનું જીવન તેમની પ્રામાણિકતા અને સાદગીનું પ્રતિબિંબ હતું. તેમણે ડૉ. સિંહની વિશિષ્ટ સંસદીય કારકિર્દીને તેમની નમ્રતા, સૌમ્યતા અને બુદ્ધિમત્તા દ્વારા ચિહ્નિત કરી હતી. પ્રધાનમંત્રીએ યાદ કર્યું કે આ વર્ષની શરૂઆતમાં રાજ્યસભામાં ડૉ. સિંહના કાર્યકાળના અંતે પણ તેમણે ડૉ. સિંહના સમર્પણની પ્રશંસા કરતા તેમણે તમામ લોકો માટે પ્રેરણાદાયક ગણાવ્યા હતા. તેમના શારીરિક પડકારો હોવા છતાં, ડૉ. સિંહે વ્હીલચેર પર બેસીને મહત્વપૂર્ણ સત્રોમાં ભાગ લીધો અને પોતાની સંસદીય ફરજો પૂરી કરી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (બીબીએસએસએલ)ની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં BBSSLને વધારાની ૨૦,૦૦૦ સહકારી સંસ્થાઓ સાથે જોડવાનું લક્ષ્ય નક્કી કર્યું છે

BBSSL એ આવા બીજ ઉત્પાદન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેમાં ઓછા પાણી અને જંતુનાશકોની જરૂર હોય

તમામ સહકારી સંસ્થાઓએ ખેડૂતોને પ્રમાણિત બિયારણ સાથે ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ

BBSSL ની પ્રાથમિકતા પરંપરાગત રીતે પૌષ્ટિક બીજને પ્રોત્સાહન આપવા અને સાચવવાની છે જે હવે ઓછા વપરાશમાં છે અને કઠોળ અને તેલીબિયાંનું પોષણ મૂલ્ય ઘટાડ્યા વિના ઉત્પાદનમાં વધારો કરે છે

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ બિયારણ ઉત્પાદન વધારવા અને તેની નિયમિત સમીક્ષા સંબંધિત લક્ષ્યોને હાંસલ કરવા માટે ૧૦ વર્ષનો રોડમેપ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો

નાના ખેડૂતોની ઉપજ મહત્તમ થાય અને તેમના પાકની પરિપક્વતા અવધિ લંબાય તે સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવા જોઈએ

કમલમ્,
કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (બીબીએસએસએલ)ની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્ય કક્ષાનાં કેન્દ્રીય સહકારિતા મંત્રીઓ શ્રી કૃષ્ણપાલ અને શ્રી મુરલીધર મોહોલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સહકાર મંત્રાલયનાં સચિવ ડૉ. આશિષકુમાર ભૂતાની, સહકાર મંત્રાલયના અધિક સચિવ શ્રી પંકજ કુમાર બંસલ અને બીબીએસએસએલનાં ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ઉપસ્થિત રહ્યાં હતાં. બેઠકને સંબોધતા શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (બીબીએસએસએલ) પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના "સહકાર સે સમૃદ્ધિ"ના વિઝનને સાકાર કરવામાં અને ખેડૂતોને સશક્ત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બીબીએસએસએલએ ભારતના પરંપરાગત બીજના સંગ્રહ અને જાળવણી પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. બેઠકમાં શ્રી અમિત શાહે બીબીએસએસએલને વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં વધારાની ૨૦,૦૦૦ સહકારી મંડળીઓ સાથે જોડાવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો હતો. શ્રી શાહે જણાવ્યું હતું કે, બીબીએસએસએલએ આ પ્રકારનાં બીજનાં ઉત્પાદન પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જેમાં ઓછાં પાણી અને જંતુનાશકોની જરૂર પડે છે. તેમણે એ બાબત પર પણ ભાર મૂક્યો હતો કે, નાના ખેડૂતો સૌથી વધુ સંભવિત ઉપજ હાંસલ કરે અને તેમના પાકની પાકતી મુદત વધારવામાં આવે એ સુનિશ્ચિત કરવા પ્રયાસો કરવા જોઈએ. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર પ્રધાને જણાવ્યું હતું કે બીબીએસએસએલ ભારતના પરંપરાગત પૌષ્ટિક બીજના સંગ્રહ અને જાળવણી તરફ ઝડપથી કામ કરી રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઈફકો અને ક્રિભકોએ આપણાં સ્વદેશી અને હાઈબ્રિડ બિયારણનાં પોષક મૂલ્યનું મૂલ્યાંકન કરવું જોઈએ. શ્રી શાહે ઉમેર્યું હતું કે, બીબીએસએસએલની પ્રાથમિકતા પરંપરાગત રીતે પોષકતત્વો ધરાવતાં બિયારણોને પ્રોત્સાહન આપવાની અને જાળવવાની છે, જેનો હવે ઓછો ઉપયોગ થઈ રહ્યો છે તેમજ કઠોળ અને તેલીબિયાંનું પોષણ મૂલ્ય ઘટાડ્યા વિના તેનું ઉત્પાદન પણ વધારવું જોઈએ.

કેન્દ્રીય સહકારિતા મંત્રીએ નોંધ્યું હતું કે, ઈફકો અને ક્રિભકોએ તેમની પ્રયોગશાળાઓને આ ક્ષેત્રમાં અનુકરણીય અને શ્રેષ્ઠ બનાવવા આતુર રહેવું જોઈએ. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, તમામ સહકારી સંસ્થાઓએ ખેડૂતોને પ્રમાણિત બીજ સાથે ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, દેશભરનાં ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૨૦,૦૦૦થી વધારે વિવિધ સહકારી મંડળીઓ બીબીએસએસએલનાં શેરધારકો છે. તેમણે ઉમેર્યું હતું કે, બીબીએસએસએલએ બિયારણના ઉત્પાદન, સંશોધન અને સંવર્ધન માટે કામ કરતી તમામ સરકારી યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકો અને પ્રયોગશાળાઓનો ઉપયોગ કરવો જોઈએ. કેન્દ્રીય સહકારિતા મંત્રીએ બીજનું ઉત્પાદન વધારવા સાથે સંબંધિત લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ૧૦ વર્ષનો રોડમેપ તૈયાર કરવા અને તેની નિયમિત સમીક્ષા કરવા પર ભાર મૂક્યો હતો. રવી વર્ષ ૨૦૨૪ દરમિયાન, બીબીએસએસએલ ૬ રાજ્યોમાં ૫,૫૯૬ હેક્ટર વિસ્તારમાં ફાઉન્ડેશન અને સર્ટિફાઈડ બિયારણનું ઉત્પાદન કરી રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ૮ પાકોની ૪૯ જાતોમાંથી અંદાજે ૧,૬૪,૮૦૪ ક્વિન્ટલ બિયારણનું ઉત્પાદન થવાની ધારણા છે. બીબીએસએસએલએ વર્ષ ૨૦૩૨-૩૩ સુધીમાં કુલ ૧૮,૦૦૦ કરોડનું ટર્નઓવર હાંસલ કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય રાખ્યું છે. તેની કામગીરી શરૂ થઈ ત્યારથી, બીબીએસએસએલે ચાર પાકો - ઘઉં, મગફળી, ઓટ્સ અને બર્સીમમાંથી ૪૧,૭૭૩ ક્વિન્ટલ બિયારણોનું વેચાણ/વિતરણ કર્યું છે, જેની બજાર કિંમત આશરે ૪૧.૫૦ કરોડ છે.

તંત્રી સ્થાનેથી......

આઝાદી બાદ દેશની ખાદ્યાન્નનીજરૂરીયાતને પૂરી કરવા હરિત ક્રાંતિના માધ્યમથી રાસાયણિક કૃષિ અપનાવીએ તે સમયની માંગ હતી. પરંતુરાસાયણિક કૃષિના કારણે જળ-જમીન અને પર્યાવરણ દૂષિત થયા છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અંધાધૂંધ ઉપયોગથી જમીનમાંઓર્ગેનિક કાર્બન, અળસિયા અને મિત્ર જીવોનીસંખ્યા તેમજ જમીનની ફળદ્રુપતા સતત ઘટી રહી છે. જમીન બંજર બની રહી છે. રાસાયણિક કૃષિમાં કૃષિ ખર્ચ સતત વધી રહ્યો છે અને ઉત્પાદન સતત ઘટી રહ્યુ છે. જેના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે. પરંતુ હવે રાજ્યને આગામી વર્ષોમાં ૧૦૦ ટકાપ્રાકૃતિક ખેતીયુક્ત બનાવવા માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાંમાર્ગદર્શન હેઠળરાજ્યભરમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે મિશન મોડમાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રગતિશીલ ખેડૂતોને દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમઅને તેની વિવિધ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીમાં પહેલા જ વર્ષે પૂરતું ઉત્પાદન મળેછે. તેમજ પ્રાકૃતિક ખેતીપદ્ધતિમાંપ્રતિ એકર ૮૯૫ કિલો ગ્રામ નાઈટ્રોજન છોડને ઉપલબ્ધ થાય છે.નાઇટ્રોજનનું આપ્રમાણ ખેતી પાકનીજરૂરિયાત કરતાલગભગ ૧૫થી ૨૦ગણું વધારે છે. કૃષિપાકો માટે નાઈટ્રોજન સંજીવનીરૂપ છે, જેનું સ્થિરીકરણ જુદી જુદી રીતે થાય છે. જેથીએક એકરમાંમુખ્ય રૂપે સહજીવીપાકો સહિતના માધ્યમો દ્વારા નાઇટ્રોજન પ્રાપ્ત થાય છે. પ્રાકૃતિક કૃષિપદ્ધતિમાં દેશી અળસિયાંઓની ભૂમિકા બહુ જ મહત્ત્વપૂર્ણ હોય છે. અળસિયાં દ્વારા ૨૧૪ કિલો નાઈટ્રોજનનું પ્રતિએકર સ્થિરીકરણ થઈ જાય છે. તેઉપરાંત સહજીવી પાકોના રૂપમાં કઠોળવર્ગના પાક નાઈટ્રોજન સ્થિરીકરણમાંમુખ્ય ભૂમિકા ભજવે છે. જમીનમાં રહેવાવાળા દેશી અળસિયાં જમીનના ભૌતિક ગુણધર્મમાં પણ નોંધપાત્ર સુધારો કરે છે. ગાયના ગોબરઅને ગૌમૂત્રમાંથી બનાવવામાં આવેલ જીવામૃતથી અવિશ્વસનીય રીતે વૃદ્ધિ પામે છે. તેમાં રહેલી સુગંધઅળસિયાંને આકર્ષિતકરે છે, અને તેની સંખ્યામાં ચમત્કારિક વધારોકરે છે. નાના તેમજ સીમાંત ખેડૂતોએ આર્થિક સમૃદ્ધ બનવા માટે ગાય આધારિત ઓછાખર્ચવાળી પ્રાકૃતિક ખેતીને આગળવધારવી પડશે. કારણકે, તેમાં ખેડૂતોને બજારમાંથી દવાઓ, રાસાયણિક ખાતર ખરીદવાની જરૂર રહેતી નથી. જમીનનોઓર્ગેનિક કાર્બન વધે છે, જે ખેતી માટે ખૂબ ઉપયોગી છે.

નહેરૂ યુવા કેન્દ્ર નર્મદા દ્વારા નાંદોદ તાલુકા કક્ષાનો રમતોત્સવ આઈ.ટી.આઇ.-જીતનગર ખાતે યોજાયો

કમલમ્,શૈશવ રાવ

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલમંત્રાલયના માય ભારત, નહેરુયુવાકેન્દ્રનર્મદા દ્વારા નાંદોદ તાલુકાકક્ષાના રમતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. આઈ.ટી.આઈ. જીત નગર ખાતે તારીખ ૨૬ અને ૨૭ ડિસેમ્બર દરમિયાન યોજાયેલા રમતોત્સવમાં ખો-ખો, કબડી, ૧૦૦ મીટર અને ૪૦૦ મીટર દોડ, વોલીબોલ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં નાંદોદ તાલુકાના વિવિધ ગામોના યુવક મંડળ, મહિલા મંડળના યુવાઓ, આઈ.ટી.આઈ.ના યુવા તાલીમાર્થીઓ, ૧૪થી ૧૯ વર્ષની ઉંમર ધરવતા યુવક-યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાજપીપળાના યુવા આગેવાનો અજીતભાઈ પરીખ અને જતીનભાઈ પટેલે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી યુવા સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. તેમણે યુવાનોને શારીરિક અને માનસિક રીતેસ્વસ્થ રહેવામાટે રમતગમતનું મહત્વ સમજાવ્યું હતું, તેમજ યુવાનોને દેશનાનિર્માણમાં પોતાનું યોગદાન આપવા માટે પ્રેરિત કર્યા હતા. રમતગમતમાં પોતાની રુચિ રાખી સ્વસ્થ યુવા, સ્વસ્થ ભારત સ્લોગનને સાર્થક કરવા અનુરોધ કર્યો હતો. ઉપસ્થિત આગેવાનો, આઈટીઆઈ-જીતનગરના ક્રિષ્નાબેન પુરોહિત, દિવ્યેશભાઈ ચૌધરી વિગેરેના હસ્તે વિજેતા ટીમોને ટ્રોફી અને મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લા યુવા અધિકારી સચિન શર્માના માર્ગદર્શનમાં યુવા સ્વયંસેવક રાજનીશભાઈ તડવી, નીમિશાબેન તડવી, પ્રતીક્ષાબેન પટેલ, સુરેખાબેન બારિયાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમતઉઠાવી હતી.

ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડની પ્રેરક ઉપસ્થિતિમાં એમ.એસ.યુનિવર્સિટીનો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાશે

કમલમ્,

ઉપરાષ્ટ્રપતિજગદીપ ધનખડના અધ્યક્ષસ્થાને આગામી તા.૨૯/૧૨/૨૦૨૪ના રોજ એમ એસ યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે.આ પદવીદાન સમારોહ બાદ ઉપ રાષ્ટ્રપતિ લક્ષ્મીવિલાસ પેલેસની મુલાકાતલેનાર છે. ઉપરાષ્ટ્રપતિની વડોદરા જિલ્લાની મુલાકાત દરમિયાનની આનુસંગિક વ્યવસ્થાઓના સુચારુ આયોજન અર્થે જિલ્લાવિકાસ અધિકારી શ્રી મમતા હિરપરાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ સંબંધિત અધિકારીઓને પ્રોટોકોલ મુજબ કામ કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. નિવાસી અધિક કલેક્ટર બી.એસ પટેલે સંબંધિત અધિકારીઓને સોંપવામાં આવેલી કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરી હતી. આબેઠકમાં જિલ્લાગ્રામવિકાસએજન્સીના નિયામક શ્રી હિમાંશુ પારેખ, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાહતા.

ડાંગજિલ્લા પંચાયત આહવા ખાતેપેસા એક્ટ-૧૯૯૬ તથા ફોરેસ્ટ રાઇટ્સ એક્ટ-૨૦૦૬ અન્વયે તાલીમ કાર્યક્રમ યોજાયો

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઇનના અધ્યક્ષ સ્થાને યોજાયો કાર્યક્રમ

કમલમ્ ,આહવા

તારીખ ૨૪ ડિસેમ્બરના રોજ ડાંગ જિલ્લા પંચાયત કચેરી, આહવાખાતેજિલ્લાપંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈનના અધ્યક્ષ સ્થાને પેસા એક્ટ-૧૯૯૬ તથા ફોરેસ્ટરાઇટ્સ એક્ટ-૨૦૦૬ અન્વયે એક તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમા જિલ્લા પંચાયત પ્રમુખશ્રીમતી નિર્મળાબેન ગાઈને કાર્યક્રમને અનુરૂપ તમામ સદસ્યોને પ્રસંગોચિત માર્ગદર્શન આપ્યુ હતુ. આકાર્યક્રમમા નાયબ જિલ્લાવિકાસ અધિકારીશ્રી હિરલ પટેલે (એક્સ્ટેન્શન ટુ શિડ્યુલ્ડ એરિયા) એક્ટ-૧૯૯૬ (પેસા એક્ટ) વિશેવિસ્તારપુર્વક જાણકારી આપી હતી. સાથે જ મદદનીશ પ્રાયોજના અધિકારીશ્રીદ્વારાફોરેસ્ટ રાઇટ્સ એક્ટ-૨૦૦૬ બાબતે જરૂરી જાણકારી આપવામા આવી હતી. આ કાર્યક્રમમા ડાંગ જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, જિલ્લા પંચાયત તથા વન વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ જેવા જિલ્લાના સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ ઉપસ્થિતરહ્યા હતા.

અમદાવાદ જુના વાડજખાતે અંબર સેવા સંઘના નવીનીકરણ કરાયેલ ખાદી ભવનનું ઉદ્ઘાટન

KVICની મદદથી ૧૫ લાખ રૂપિયાની રકમમાં ખાદી ભવનનું નવીનીકરણ કરવામાં આવ્યું છે

KVICના અધ્યક્ષ શ્રી મનોજ કુમાર ઉદ્દ્ઘાટન અને PMEGP જાગરૂકતા શિબિરનું સંબોધિત કર્યું

KVICના અધ્યક્ષે કહ્યું, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પૂજ્ય બાપુનો વારસો ખાદીની પ્રગતિ 'મોદી સરકારની ગેરંટી' છે"

રાજ્ય કચેરી, અમદાવાદ હેઠળ ૨૩૧ સંસ્થાઓ, જે લગભગ ૨૩ હજાર કારીગરોને રોજગારી પૂરી પાડે છે

કમલમ્,

ભારત સરકારના ખાદી અનેગ્રામોદ્યોગકમિશન(KVIC), સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયના અધ્યક્ષ શ્રી મનોજ કુમાર ગુરુવારે અંબર સેવા સંઘ, જૂના વાડજ, અમદાવાદના નવીનીકરણ કરાયેલખાદીભવનનું ઉદ્ઘાટન કર્યું. KVIC એખાદી ભવન માટે ૧૧.૨૫ લાખ રૂપિયાની સહાય પૂરી પાડીછે જેનું ૧૫ લાખ રૂપિયાની રકમથી નવીનીકરણ કરવામાંઆવ્યું હતું. આ પ્રસંગે KVICના અધ્યક્ષે રાજ્ય કાર્યાલય અમદાવાદ દ્વારા આયોજિત 'ખાદી સંવાદ' અને પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (PMEGP) અંતર્ગતજાગરૂકતા કાર્યક્રમોનેપણ સંબોધિતકર્યાહતા. આ પ્રસંગે આયોજિત ખાદી સંવાદ કાર્યક્રમને સંબોધતા KVICના અધ્યક્ષશ્રી મનોજકુમારે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પૂજ્ય બાપુનો વારસો ખાદી 'આત્મનિર્ભર ભારતનુંપ્રતિક' બનીછે. ખાદીએ ગ્રામીણ અર્થતંત્રને સશક્ત બનાવ્યું છેઅને કરોડોકારીગરોને ગૌરવપૂર્ણ આજીવિકા પૂરી પાડી છે. તેમણે જણાવ્યું કે અમદાવાદમાં અંબર સેવા સંઘના રિનોવેટેડ ખાદી ભવનનું ઉદ્ઘાટન ૧૯૯૦માં કરવામાં આવ્યું હતું. હાલ તેની હાલતએકદમ જર્જરિતબની ગઈ હતી.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ચાલી રહેલી 'ખાદી ક્રાંતિ'એછેલ્લા૧૦વર્ષમાંનાણાકીય સહાય આપીને આવી ખાદી ઈમારતોને આધુનિક બનાવવાનું ઐતિહાસિક કાર્ય કર્યું છે. આ અંતર્ગત KVIC એ સંસ્થાને ૧૧.૨૫ લાખ રૂપિયાની સહાય આપી છે. સંસ્થાએ પોતે ૩.૭૫ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. KVICના ચેરમેને કહ્યું કે એવી અપેક્ષાછે કે નવીનીકરણપછી આ ભવનનું વાર્ષિક વેચાણ બમણું થઈ શકે છે. તમને જણાવી દઈએ કે, છેલ્લા નાણાકીય વર્ષોમાં આ ભવનનું વેચાણ વર્ષ ૨૦૨૦-૨૧માં અનુક્રમે ૧.૧૩ કરોડ રૂપિયાવર્ષ ૨૦૨૧-૨૨માં૭૮.૮૫ લાખરૂપિયા અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૨૦ કરોડ રૂપિયાહતું. આપ્રસંગે KVIC ના ચેરમેન શ્રી મનોજ કુમારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાંખાદી ક્રાંતિઅને ખાદીના ઐતિહાસિક પુનરુત્થાન પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે રાજ્ય કચેરી, અમદાવાદ હેઠળ ૨૩૧ ખાદી સંસ્થાઓછે જેલગભગ ૨૩ હજાર કારીગરોને રોજગારી પૂરી પાડે છે. તેમણે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાંખાદી કારીગરોનીઆવક ૪ રૂપિયા પ્રતિઆંટી વધીને ૧૨.૫૦ રૂપિયા પ્રતિ આંટી થઈ ગઈ છે. ખાદી કારીગરોના મહેનતાણામાં ૧૦ વર્ષમાં ૨૧૩ ટકાનો વધારો થયો છે. તેમણે વધુમાં કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પૂજ્ય બાપુના વારસાની ખાદીની પ્રગતિ એ 'મોદી સરકારની ગેરંટીછે.' KVICના ચેરમેન શ્રી મનોજ કુમારે લાભાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાંઅને MSME મંત્રાલયના માર્ગદર્શનહેઠળ, 'નવા ભારતની નવી ખાદી' નવા દાખલા સ્થાપિત કરશે અને 'વૉકલ ફોર લોકલ'ને પ્રોત્સાહન આપશે. આત્મનિર્ભર ભારત અભિયાન આપી રહ્યુંછે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ 'ખાદી ક્રાંતિ'એ છેલ્લા ૧૦ વર્ષમાં ખાદી અને ગ્રામોદ્યોગના વ્યવસાયને ૧ લાખ ૫૫ હજાર કરોડ રૂપિયાને પારકરીદીધોછે, જ્યારેછેલ્લા ૧૦ વર્ષમાં ૧૦.૧૭લાખ નવા લોકોને રોજગારી મળી છે. પ્રધાનમંત્રી રોજગારસર્જનકાર્યક્રમ(PMEGP) અંતર્ગત આયોજિત જાગરૂકતા શિબિરને સંબોધતાતેમણે કહ્યું હતું કે, PMEGP યોજના દેશના કુટીર ઉદ્યોગો માટે એક નવી ઉર્જા અને તાકાતતરીકે ઉભરીઆવી છે. છેલ્લા દસ વર્ષમાં, આ યોજના હેઠળ ૯.૫૮ લાખ નવા પ્રોજેક્ટ દ્વારા ૮૩.૪૮ લાખ નોકરીઓનું સર્જન કરવામાં આવ્યું છે, જેમાં KVIC એલગભગ ૨૪હજાર કરોડરૂપિયાનીમાર્જિનમની વહેંચી છે. તેમણેગુજરાતના યુવાનોનોને PMEGP યોજનામાં જોડાઈને 'આત્મનિર્ભર ભારત અભિયાન' માં જોડાવા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ 'નોકરી શોધનારને બદલેનોકરી આપનાર' બનવાના આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં KVIC સ્ટેટ ઓફિસ અમદાવાદ સાથે સંકળાયેલ ખાદી સંસ્થાઓના પ્રતિનિધિઓ, ખાદી કામદારો, કારીગરો,PMEGP ઉદ્યોગસાહસિકો અને લાભાર્થીઓ અને KVICનાઅધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

BIS અમદાવાદ દ્વારા જ્વેલર્સ જાગૃતિ કાર્યક્રમનું આયોજન

કમલમ્,

ભારતીય માનક બ્યુરો (BIS) એઆપણા દેશનીરાષ્ટ્રીય માનક સંસ્થા છે જે BIS એક્ટ ૨૦૧૬ હેઠળ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોને આવરી લેતા ઉત્પાદનો, પ્રક્રિયાઅને સેવાઓ માટે ભારતીય માનકોને ઘડવા માટે ફરજિયાત બનાવવામાં આવ્યું છે અને અનુરૂપ મૂલ્યાંકન યોજનાઓ ઘડવાતેમ જ અમલકરવા માટે પણ જવાબદાર છે, જે માનકોના અમલીકરણનો અને ગુણવત્તાનાપ્રમાણીકરણ પર દેખરેખ રાખેછે. BIS અમદાવાદ દ્વારા ૨૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ રાજસ્થાનનાડુંગરપુર જિલ્લા ખાતે જ્વેલર્સ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ જોધપુર પેલેસ હોટલ, ડુંગરપુર ખાતે યોજાયો હતો જેમાં ડુંગરપુરના ૧૨૫ જ્વેલર્સ ભાગ લીધો હતો. શ્રી સંજીવ શર્મા અને શ્રી અમન રાજપૂત, BIS હોલમાર્કિંગ પ્રતિનિધિઓ, BIS અમદાવાદએ BIS હોલમાર્કિંગ સ્કીમ, માર્ગદર્શિકા અને પ્રોગ્રામ દરમિયાન BIS હોલમાર્કિંગ રજીસ્ટ્રેશન કેવીરીતે મેળવવું અને BIS પોર્ટલદ્વારા HUID માટે કેવી રીતે અરજી કરવી તે અંગે વિગતવાર માહિતી આપી. સહભાગીઓને BIS કેર એપ વિશે પણ માહિતી આપવામાંઆવી હતી. રાષ્ટ્રીય ઉપભોક્તા દિવસ ૨૪ ડિસેમ્બર ૨૦૨૪ની પૂર્વ સંધ્યાના રોજ હોલમાર્કિંગ અંગે જ્વેલર્સમાં જાગૃતિ લાવવા માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, કારણ કે, ડુંગરપુર જિલ્લો તાજેતરમાં ૦૫ નવેમ્બર ૨૦૨૪થીફરજિયાત હોલમાર્કિંગ જિલ્લાઓમાંઉમેરાયો છે.

KVIC એ 'કુંભાર સશક્તિકરણ કાર્યક્રમ' હેઠળ કુંભારોને ૧૧૦ વિદ્યુત ચાલિત ચાકનું વિતરણ કર્યું

KVICના અધ્યક્ષ શ્રી મનોજ કુમારની પહેલ હેઠળ કુંભારોને વિદ્યુત ચાલિત ચાકનું વિતરણ કરવામાં આવ્યું

KVICના અધ્યક્ષ જણાવ્યું હતું કે, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, KVIC એ સમગ્ર દેશમાં ૩૦,૦૦૦થી વધુ વિદ્યુત ચાલિત ચાકનું વિતરણ કર્યું છે"

કમલમ્,

ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC), સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય, ભારતસરકાર, અધ્યક્ષશ્રી મનોજ કુમાર એ ગુરુવારે ગુજરાતના આણંદમાં એક વિશેષ કાર્યક્રમ દરમિયાન ૧૧૦કુંભારોને વિદ્યુત ચાલિત ચાકનું વિતરણ કર્યું. આ પહેલનોઉદ્દેશ્યભારતની પરંપરાગત માટીકામ કલાને આધુનિક ટેકનોલોજી સાથેજોડીને પુનઃજીવિત કરવાનો અને દેશના કુંભાર સમુદાયનેઆત્મનિર્ભરબનાવવાનો છે. કાર્યક્રમમાં ઉપસ્થિત કારીગરો અને લાભાર્થીઓને સંબોધતા શ્રી મનોજકુમારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનાનેતૃત્વની પ્રશંસાકરી હતી. તેમણેકહ્યું, "પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ, ખાદી અને ગ્રામોદ્યોગઆયોગ ભારતના પરંપરાગત ઉદ્યોગોને પુનર્જીવિત કરવા અનેસશક્ત કરવામાટે સતત પ્રયાસો કરી રહ્યું છે. કુંભારોને આધુનિક સાધનો પૂરા પાડવા એ આદિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. KVICના અધ્યક્ષશ્રી મનોજ કુમારે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થયેલી 'કુંભાર સશક્તિકરણ યોજના' હેઠળ, અત્યાર સુધીમાં સમગ્ર દેશમાં ૩૦,૦૦૦ થી વધુ વિદ્યુતચાલિત ચાકનું અને સંબંધિત સાધનોનું વિતરણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં, અમદાવાદ સ્થિત રાજ્ય કચેરીએ ગયા વર્ષે ૩૭૦ વિદ્યુત ચાલિત ચાકનું વિતરણ કર્યું હતુ અને ૯૦૦ લાભાર્થીઓને તાલીમઆપી હતી. આવર્ષે રાજ્ય કચેરી અમદાવાદને ૬૯૦ વિદ્યુત ચાલિત ચાકનું વિતરણનો લક્ષ્યાંક સોંપવામાં આવ્યુ છે. આ યોજના હેઠળ આપવામાંઆવેલાઆધુનિક ચાક માટીકામનીકળાને એક નવો આયામ તો આપ્યો જ છે પરંતુ ઉત્પાદનક્ષમતામાં પણ ત્રણથી ચાર ગણો વધારો કર્યો છે. પરિણામે કુંભારસમાજનીઆવકમાંપણ ચાર ગણો નોંધપાત્ર વધારો થયો છે. શ્રી મનોજ કુમારે જણાવ્યું હતું કે, "વિદ્યુત ચાલિત ચાકની મદદથી માટીકામ કલાને નવું જીવન મળ્યું છે. આ માત્ર કુંભારોને આર્થિક રીતે સશક્ત બનાવતું નથી પરંતુ ભારતના સાંસ્કૃતિક વારસાને પણ સમૃદ્ધ બનાવે છે. આ યોજના પ્રધાનમંત્રી મોદીના આત્મનિર્ભર ભારતઅભિયાન અને 'વોકલ ફોર લોકલ'ના વિઝનને સાકાર કરવામાં મદદરૂપછે." કાર્યક્રમ દરમિયાન શ્રી મનોજકુમારે કહ્યુંકે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાનેતૃત્વમાં છેલ્લા એક દાયકામાં 'ખાદી ક્રાંતિ'એ અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. ખાદી અને ગ્રામોદ્યોગનું ટર્નઓવર રૂ. ૧.૫૫લાખ કરોડના આંકને વટાવી ગયું છે,જે માત્રખાદીની લોકપ્રિયતા જ નહીં પરંતુ ભારતના ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવાનો પુરાવો પણ છે. ગત નાણાકીય વર્ષમાં ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્રમાં ૧૦.૧૭ લાખ નવી રોજગારીની તકો ઊભી થઈ છે. આ પ્રધાનમંત્રી મોદીની દૂરદર્શી નીતિઓ અને ખાદીને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવવાના પ્રયાસોનું પરિણામ છે. આ કાર્યક્રમમા KVIC રાજ્ય કચેરી અમદાવાદ સાથે સંકળાયેલ ખાદી સંસ્થાઓના પ્રતિનિધિઓ, ખાદી કામદારો, PMEGP ઉદ્યમિઓ, લાભાર્થી કારીગરો અને આયોગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યુત ચાલિત ચાક પ્રાપ્ત કર્યા બાદ ઉપસ્થિત કુંભારોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને KVIC પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ઉમિયા માતાજીના પ્રાગટ્યની ઉજવણી : જન્મોત્સવ સાથે સમાજોત્કર્ષનું પર્વ : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

શ્રી ઉમિયાધામ, સીદસર ખાતે આયોજિત વિરાટ કૃષિ સંમેલનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું સંબોધન

ખેડૂતોની મહેનત, સરકારની નીતિઓ અને વૈજ્ઞાનિકોના સંશોધનોથી આપણો દેશ આજે અન્નનો ભંડાર બન્યો છે : શ્રી પરસોત્તમભાઈ રૂપાલા

આવનારી પેઢીને સ્વચ્છ અને સ્વસ્થ ભવિષ્ય આપવું હશે તો આજથી જ પ્રાકૃતિક કૃષિ તરફ વળવું પડશે : શ્રી રાઘવજીભાઈ પટેલ

કમલમ્,

જામજોધપુર તાલુકાના ઉમિયાધામ, સીદસર ખાતે સવા શતાબ્દી મહોત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલા વિરાટ કૃષિ સંમેલનમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં માતૃશક્તિનું અનેરું સ્થાન છે. વીરતા વિદ્યા અને ધનના આદર્શ માતા દુર્ગા, સરસ્વતી અને લક્ષ્મીજી છે. 'માતૃદેવોભવ' નીઆપણી સંસ્કૃતિ સંદેશ આપેછે કે,માતાનું સાન્નિધ્ય, આશીર્વાદ અને કૃપા સંતાનની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે અને તેને સુખથી સંતૃપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. સિદ્ધસ્થ ખાતે માતાજીના પ્રાગટ્યના ૧૨ પર્વ થયાછે ત્યારે આ માત્ર જન્મોત્સવ નહીં પરંતુ સમાજોત્કર્ષનું પર્વ છે. સમાજની આવનાર પેઢીઓમાંસંસ્કાર સિંચન અને વિદ્યાદાન હેતુ રાજકોટ, અમદાવાદ માં વિવિધ શૈક્ષણિક સંકુલોસ્થાપિત કરવામાંઆવી રહ્યા છે, ત્યારે આ ઉત્સવ નિમિત્તે આયોજિત સંમેલનોમાં વિચાર-વિમર્શદ્વારા કુરીવાજનિર્મૂલન અને સમાજ ઉત્કર્ષ માટે આ સમાજની પ્રતિબદ્ધતા જોવા મળે છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, અનેક ધાર્મિક, સામાજિક સંસ્થાઓના પરિશ્રમથી ગુજરાતમાંસદ્ભાવના,વ્યસનમુક્તિ, મંદિરની ભાવનાનુંવાતાવરણ જોવા મળેછે. આશ્રેષ કર્મોથીજ સમાજ આગળ આવશે. હાલના સમયમાં આ મૂલ્યો જાળવવા અને વિસ્તારવા માટે આધ્યાત્મિકતા તરફ વળવું જરૂરી બન્યું છે. માત્રશાસ્ત્ર વાંચન નહીં પરંતુ આધ્યાત્મિકતાને જીવનમાંઉતારવીવધારે આવશ્યક છે. ધનની દાન, ભોગ અને નાશ એમ ત્રણ પ્રકારની ગતિ પૈકી દાન ગતિ શ્રેષ્ઠ છે. તેમા પણ વિદ્યા દાન શ્રેષ્ઠછે, તેધનને પવિત્રકરનારુંછે. દાન આજન્મમાં સારુંકર્મ કર્યાના સંતોષનો અનુભવ કરાવે છે અને આવતા જન્મમાં આ પુણ્ય સુખ આપે છે. વિદ્યા સંકુલો માટે કરોડો રૂપિયાનું દાન કરનાર દાતાઓને મારા નમન છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનને રાજ્ય સરકારે વિશેષ ઝુંબેશના ભાગરૂપેસમગ્રરાજ્યમાં અમલી બનાવ્યું છે તેમ જણાવતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, નિરોગીકાયા એ ઈશ્વરના આશીર્વાદ છે. જો શરીર જ સ્વસ્થ નહીં હોય તો સંપત્તિ, વૈભવ બધું નિરર્થક છે. આજે જંતુનાશક દવાઓના પરિણામેખેત ઉત્પાદનો કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર જેવા અનેકરોગોનું કારણ બન્યા છે. જેઓને કોઈ જ વ્યસન નથી તેવા લોકો પણઆજે કેન્સરજેવા ગંભીર રોગોના ભોગ બની રહ્યા છે. આ તમામ રોગોના મૂળમાં ખોરાકના માધ્યમથી શરીરમાં જતા ઝેરી પદાર્થો છે. આજે જંતુનાશક દવાઓથી ધરતી ઝેરયુક્ત અને તેના ઉત્પાદનો બિનઆરોગ્યપ્રદ બન્યા છે. પાન્યોમાંથી પોષક તત્વો વિલુપ્ત થયાછે, ત્યારેજો આવનારી પેઢીનેસશક્ત અનેનિરોગીરાખવી હશે તો પ્રાકૃતિક કૃષિ જ એકમાત્ર વિકલ્પ છે. પ્રાકૃતિક કૃષિના પાંચ સિદ્ધાંતો અપનાવવાથી પાક ઉત્પાદનમાં કોઈ જ ઘટાડો થતો નથી કે કોઈ પણ પ્રકારનું નુકશાન થતું નથીપરંતુ જમીન ફળદ્રુપ બને છે અને ઉત્પાદનોમાં નો ઘપાત વધારો થાય છે, તેમ જણાવી કાર્યક્રમમાં લોકો સમક્ષ વીડીયો સંદેશના માધ્યમથી રાજ્ય પાલશ્રીએ પોતાનો કૃષિ અનુભવ રજૂ કર્યોહતો. ઓર્ગેનિક કાર્બન એ ખેડૂતના ખેતરનો પ્રાણ છે. જો જમીનનાઓર્ગેનિક કાર્બન ૦.૫ ટકાથી નીચે જાય તો એ જમીન બંજર-વેરાન થઈ ચૂકી છે એમ કહી શકાય. ગુજરાતના ઓર્ગેનિક કાર્બન ૦.૨ ટકા છે, એટલેકે આપણીજમીન બંજરની કેટેગરીમાંઆવેછે એ સ્પષ્ટ છે. જો આજ પ્રમાણે યુરિયા, ડી.એ.પી.નો ઉપયોગ કરતા રહીશું તો આગામી ૪૦થી૫૦ વર્ષમાંઆપણી કૃષિની જમીન પથ્થર સમાન બની જશે એમાં શંકાને કોઈ સ્થાન નથી તેમ સીદસર ખાતેરાજ્યપાલશ્રીએ કહ્યું હતું. રાજ્યપાલશ્રીએ પાણીની બચત, પર્યાવરણનીરક્ષા, જમીન અને દેશીગાયની રક્ષા, રોગમુક્ત સ્વસ્થ જીવન અને ખેતી-ખેડૂતના સર્વાંગી કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા રાજ્યના ખેડૂતોમા જાગૃતિ આવેતેવ પ્રયાસો પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે પ્રાકૃતિક કૃષિ પર ભાર મુકતા જણાવ્યું હતું કે આવનારી પેઢીને સ્વચ્છ અને સ્વસ્થ ભવિષ્ય આપવું હશે તો આજથી જ પ્રાકૃતિક કૃષિતરફ વળવું અનિવાર્ય છે. પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત પાકો માનવ સ્વાસ્થ્યને મજબૂત રાખવાની સાથે દેશના વિકાસમાં પણ અમૂલ્ય ફાળો આપે છે. પર્યાવરણ જાળવણી, ઝેરમુક્ત ખોરાક, ગૌ સંવર્ધન અને કૃષિ સમૃદ્ધિ આ તમામબાબતો પ્રાકૃતિક ખેતીથી શક્ય બને છે. કૃષિ, ખેડૂત અને સરકારની ભૂમિકા વિષય સંબોધન કરતાં સાંસદશ્રી પરષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે દેશનો ખેડૂત આજે પ્રગતિશીલ બન્યો છે. નવીન ટેકનોલોજી અને આધુનિક કૃષિ સંશોધનોના માધ્યમથી આજના ખેડૂત સમૃદ્ધિ તરફ પોતાના ડગ માંડ્યા છે. ખેડૂતોની મહેનત, સરકારની નીતિઓ અને કૃષિ વૈજ્ઞાનિકોના વિવિધ સંશોધનોના પરિણામેએક સમયે અન્નની અછત ભોગવતો આપણો દેશ આજે અન્નનો ભંડાર બન્યોછે. કાર્યક્રમમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી તેમજ રાજ્યપાલશ્રીના વરદ હસ્તે દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યો સર્વ શ્રી દુર્લભજીભાઈ દેથરીયા, મહેન્દ્ર પાડલીયા, પ્રકાશ વરમોરા, રમેશટિલાળા, ઉમિયાધામ ટ્રસ્ટના ચેરમેન શ્રી મોલેશભાઈ ઉકાણી, પ્રમુખ શ્રી જયરામભાઈ વાંસજાળીયા, આગેવાન સર્વ શ્રી પુનિતભાઈશેલડીયા,બી.એચ.ઘોડાસરા, જંગદીશભાઈકોટડીયા,ગોવિંદભાઈ વરમોરા, સી.કે.પટેલ, મગનભાઈ જાવીયા, જયેશભાઈપટેલ સહિત બહોળી સંખ્યામાં સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

પ્રત્યેક બાળક ઉત્તમ વિદ્યા પ્રાપ્ત કરી ઉજ્જ્વળ ભવિષ્યના પાયાને મજબૂત બનાવી શકે તેવા ઉત્કૃષ્ટ અભિગમ સાથે આજનોજ સુપ્રસિદ્ધ યાત્રાધામ શક્તિપીઠ પાવાગઢ ડુંગર ખાતે નિર્માણ થયેલ અત્યાધુનિક છાસિયા તળાવ પ્રાથમિક શાળા ભવનનું લોકાર્પણ કેબિનેટ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ તકે સ્થાનિક આગેવાનો, સંબંધિત અધિકારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ફાયર સેફ્ટી, રોડ સેફ્ટી અને સાયબર ક્રાઇમ વિષય પર તાલીમનું આયોજન કરાયું

'સુરક્ષિત વિદ્યાર્થી, સુરક્ષિત શાળા' અંતર્ગત શાળાના પ્રતિનિધિઓ, ડ્રાઇવર, ટ્રાન્સપોર્ટ મેનેજર મળી ૪૦૦થી વધુ લોકોને તાલીમ આપવામાં આવી

કમલમ્,

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીદ્વારા ફાયર સેફ્ટી, રોડ સેફ્ટી અને સાયબર ક્રાઇમ વિષય પર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રોહિત ચૌધરી તથા સર્બાધિત વિભાગના અધિકારીશ્રીઓ અને અમદાવાદ મેને જમે ન્ટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સુરક્ષિત વિદ્યાર્થી, સુરક્ષિત શાળા' અંતર્ગત યોજાયેલ તાલીમમાં અમદાવાદ શહેર માંથી શાળાઓના પ્રતિનિધિઓ, સ્કૂલ બસ ડ્રાઇવર, સ્કૂલ વાન ડ્રાઇવર, ટ્રાન્સપોર્ટ મેનેજરનેટ્રાફિક અવેરનેસઅને રોડ સેફ્ટી વિષયે વિસ્તૃત જાણકારી આપવામાંઆવી હતી. વધુમાંકાયર સેફ્ટી વિશેપણ વર્કશોપપ્રેક્ટીકલ ડેમો આપી સમજાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત સાયબર ક્રાઇમ વિશેપણ તસામનેજાણકારી આપી પ્રેક્ટીકલ ડેમો દ્વારા સાવચેત રહેવાની અપીલકરાઇહતી. પ્રથમ તબક્કાની આ તાલીમમાં અમદાવાદ શહેરના વિવિધ શાળાઓનાપ્રતિનિધિશ્રીઓ, સ્કૂલ બસ અને વાન ડ્રાઇવર, ટ્રાન્સપોર્ટ મેનેજર મળી ૪૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આગામી દિવસોમાં બીજા અને ત્રીજા તબક્કાની તાલીમનુંપણ આયોજન કરાશે તેવુ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અખબારી યાદીમાંજણાવાયું છે. વધુમાં, આજે અમદાવાદ શહેર જિલ્લા તાબા નીચેની અનુદાનિત માધ્યમિક શાળાઓના ૬ જેટલા સેવકોને જુનિયર ક્લાર્કનાપ્રમોશન ઓર્ડર આપવામાંઆવ્યા હતા.

બીઆઈએસ અમદાવાદ દ્વારા "IS 15820:2024 એસેઇંગ અને હોલમાર્કિંગ કેન્દ્રોની સ્થાપના અને સંચાલન-સામાન્ય જરૂરિયાતો (પ્રથમ પુનરાવર્તન)" પર માનક મંથનનું આયોજન

કમલમ્,

ભારતીય માનક બ્યુરો (BIS) એ આપણા દેશની રાષ્ટ્રીય માનક સંસ્થા છે જે BIS એક્ટ ૨૦૧૬ હેઠળ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોને આવરી લેતા ઉત્પાદનો, પ્રક્રિયાઓને સેવાઓમાટે ભારતીય માનકોને ઘડવા માટે ફરજિયાત બનાવામાં આવ્યું છે અને અનુરૂપ મૂલ્યાંકન યોજનાઓ ઘડવાતમે જ અમલ કરવા માટે પણ જવાબદાર છે, જે માનકોના અમલીકરણનો અને ગુણવત્તાનાપ્રમાણીકરણ પર દેખરેખ રાખે છે. BIS અમદાવાદ દ્વારા ૨૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ IS ૧૫૮૨૦:૨૦૨૪ એસેઇંગઅને હોલમાર્કિંગકેન્દ્રોની સ્થાપના અને સંચાલન-સામાન્ય જરૂરિયાતો (પ્રથમ સંશોધન) પર હોટેલ સરોવર પોર્ટિકો, ખાનપુર, અમદાવાદ ખાતે "માનક મંથન" નું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ અધિકાર ક્ષેત્રના એસેઇંગઅને હોલમાર્કિંગકેન્દ્રોના તમામ સુલભાગીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને મૂલ્યવાનપ્રતિભાવો/સૂચનોઆપ્યા હતા.

માનક મંથન એ વ્યાપક પ્રસાર હેઠળના નવા રચાયેલા ભારતીય માનકોઅથવામાનકોપર ચર્ચા કરવા માટે દર મહિને બી.આઈ.એસ. દ્વારા આયોજિત એક કાર્યક્રમછે. શ્રીસુમિત સેંગર, નિદેશક અને પ્રમુખ, બીઆઈએસ અમદાવાદએ માનક મંથનનુ મહત્વ અને ઉદ્યોગની માનકીકરણની જરૂરિયાતો અને આકાંક્ષાઓને સંબોધતા તેની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. શ્રી રાહુલ પુષ્કર, વૈજ્ઞાનિક-ડી/સંયુક્ત નિદેશક એ બીઆઈએસ, અમદાવાદની મુખ્ય પ્રવૃત્તિઓ, માનકોની ભૂમિકા, ગુણવત્તા નિયંત્રણ આદેશો અને બીઆઈએસની ઓનલાઇન પ્રવૃત્તિઓ પર પ્રેઝન્ટેશન આપ્યું હતું. શ્રી વિપિન ભાસ્કર, વૈજ્ઞાનિક-ડી/સંયુક્ત નિદેશક એ એસેઇંગ અને હોલમાર્કિંગકેન્દ્રોની સ્થાપના અનેસંચાલન-સામાન્ય જરૂરિયાતો (પ્રથમ પુનરાવર્તન) પર પ્રેઝન્ટેશન આપ્યું હતું અને IS 15820.2024 માં કરવામાં આવેલા ફેરફારો વિશે પણ સમજાવ્યું હતુંઅને ચર્ચાકરી હતી. છેલ્લા સત્રમાં શ્રી વિપિન ભાસ્કરે તમામ સહભાગીઓને તેમની સક્રિય ભાગીદારી અને મૂલ્યવાન સૂચનોબદલ આભાર માન્યોહતો. તેમણે માહિતી આપી હતી કે, આવા સૂચનો આપણા ભારતીય માનકોને વધુ મજબૂત બનાવે છે, જે અંતિમ વપરાશકર્તા અને અન્ય હિતધારકો બંનેને મદદ કરે છે. માનકોમાંજરૂરીફેરફારો સમાવવા માટે BIS ટેકનિકલ સમિતિ સાથે સંપર્ક કરવા માટે, માનકો પર ટિપ્પણીઓ અમને અમારા ઈમેઈલ આઈડી: ahbo@bis.gov.in પર મોકલીશકાય છે.

ડીસા ખાતે ભારત વિકાસ પરિષદ ગુજરાત-ઉત્તર નો ગરબો મહોત્સવ ૨૦૨૪ યોજાયો

કમલમ્,આનંદ ઠક્કર

શુભમ પાર્ટી પ્લોટ, ડીસા ખાતે મણીભાઈ એમ.પટેલ (સી.એમ.એસ.જ્વેલર્સ ડીસા)ના અધ્યક્ષ સ્થાને અને મિતુલભાઈ બી.શાહ (અગ્રણી ઉદ્યોગપતિ)અને અશ્વિનભાઈ ડી.પારેખના અતિથિ વિશેષ પદે ભારત વિકાસ પરિષદ ગુજરાત-ઉત્તર નો ગરબા મહોત્સવ ૨૦૨૪ ભારત વિકાસ પરિષદ મહાવિજય શાખા, ડીસાની યજ્ઞ માનીમાં યોજાયો હતો. વંદેમાતરમ્ ગાન બાદ દીપ પ્રાગટ્યમાં ઉપરોક્ત મહાનુભાવો સહિત ઉર્વેશભાઈ પંડ્યા ,પ્રમુખ (ભારત વિકાસ પરિષદ ગુજરાત - ઉત્તર), ડૉ.પારસભાઈ ખમાર (મહામંત્રી), મમતાબેન ખમાર (મહિલા સંયોજિકા), સવિતાબેન પટેલ (સહ સંયોજિકા),દિનેશભાઈ વી. ઠક્કર (પ્રમુખ, મહાવિજય શાખા ડીસા) ,પ્રવીણભાઈ એમ.સાધુ (મંત્રી), દક્ષાબેન જોશી (સંયોજિકા),અમૃતલાલ પઢીયાર ટ્રસ્ટી,, ડૉ .જે ગઢીશભાઈ ઠક્કર (પ્રોજેક્ટ ચેરમેન) પણ જોડાયા હતા. ગરબા મહોત્સવમાં ૧૪ શાખા દ્વારા ભારત વિકાસ પરિષદની મહિલા સભ્યો દ્વારા વિવિધ પ્રાચીન ગરબાઓની વેશિષ્યપૂર્ણ વેશભૂષામાં રજૂઆત દ્વારા ઉપસ્થિત સૌને ખૂબ જ પ્રભાવિત કર્યા હતા .આ કાર્યક્રમ

દરમિયાન ૧૦ થી ૧૬ વર્ષની બાળાઓ દ્વારા લાઠીના, તલવારબાજીના, કરાટે ના વિવિધ કરતબ પ્રસ્તુત કરીઉપસ્થિત સૌની દાદ મેળવી હતી.આ કાર્યક્રમમાં સતિષ દાદા અને ભરતભાઈ ઠક્કર (ભારત વિકાસ પરિષદ રાજ્ય કારોબારી) જેઓ ખાસ ઉપસ્થિતરહી સૌનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં મણીભાઈ પટેલ ,મિતુલભાઈ શાહ, અશ્વિનભાઈ પારેખ, ઉર્વેશભાઈ પંડ્યા, ડૉ. પારસભાઈ ખમાર,મમતાબેન ખમાર, સવિતાબેન પટેલ, દિનેશભાઈ વી.ઠક્કર, પ્રવીણભાઈ સાધુ અને દક્ષાબેન જોશી નું શીલ્ડ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.ગરબા મહોત્સવમાં ભાગ લેનાર તમામ મહિલા સદસ્યોને અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ દીકરીઓને ભારત વિકાસ પરિષદ મહાવિજય શાખા, ડીસા દ્વારા મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા . સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન પૂર્ણિમાબેન એ. મોદી(પટણ) અને મોનલબેન ચંદ્રાણા એ કર્યું હતું. ભારત વિકાસ પરિષદ ગુજરાત ઉત્તર,મહાવિજય શાખા, ડીસા ની કોર કમિટી અને પ્રમુખ,મંત્રી અને સભ્યોના સહકાર થકી ગરબા મહોત્સવ ૨૦૨૪ સફળ થયો હતો.

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કાંકરિયા કાર્નિવલની મુલાકાત લઈ સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા

કમલમ્,

અમદાવાદના કાંકરિયા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તારીખ ૨૫ ડિસેમ્બરના રોજ કાંકરિયા કાર્નિવલ ૨૦૨૪નો ભવ્ય શુભારંભ કરાવ્યો હતો. આગામી તારીખ ૩૧ ડિસેમ્બર સુધી ચાલનારા "કાંકરિયા કાર્નિવલ" ના બીજા દિવસે આજે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કાંકરિયા કાર્નિવલની મુલાકાત લઈ આ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોને નિહાળ્યા હતા. આરોગ્ય મંત્રીશ્રીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત "કાંકરિયા કાર્નિવલ"ના વિવિધ આકર્ષણોને નિહાળી મ્યુનિસિપલ કોર્પોરેશન તમામ અધિકારીશ્રીઓ, ખ્યાતનામ કલાકારો અને નગરજનોને શુભેચ્છાઓ પાઠવી આ કાર્યક્રમને માણવા તેમણે નગરજનોને અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, મ્યુનિસિપલ શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, વિવિધ વિસ્તારના ધારાસભ્યશ્રીઓ, ડંડક શ્રી શીતલબેન ડાદા, મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

તા.૨૬' ડિસેમ્બરને માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની ભારત સરકારે વીર બાલ દિવસ તરીકે રાષ્ટ્રીય દિવસ જાહેર કરેલ છે. વીર બાલ દિવસ ઉજવણી કાર્યક્રમ વડનગર શહેર અને તાલુકા સંગઠનનો વડનગર મેડીકલ કોલેજ ના હોલ માં નહેરુ યુવા કેન્દ્ર થી પ્રેરણા મેળવનાર મુખ્ય વક્તા શ્રી મયંકભાઈ શાહ ની ઉપસ્થિત માં કરવામાં આવેલ શ્રી મયંકભાઇ શાહે ગુરૂ ગોવિંદસિંહ ના બે પુત્રો અંગે વીર બાલ દિવસ કાર્યક્રમમાં વિસ્તૃત માહિતી આપેલ તેમજ ગુરૂ ગોવિંદસિંહ વિશે માર્ગદર્શન આપેલ આ કાર્યક્રમમાં જીલ્લા કોષાધ્યક્ષ શ્રી કમલભાઈ પટેલ,શહેર અને તાલુકા ભાજપ પ્રમુખો શ્રી મયંકભાઇ પટેલ અને કિરણભાઈ ચૌધરી, પૂર્વ પ્રમુખો શ્રી રાજુભાઇ મોદી અને કમલાજી ઠાકોર, મહામંત્રી શ્રી ઓ શ્રી જીગરભાઈ પટેલ, રમણલાલ પટેલ અને કોદરભાઈ રબારી, મેડીકલ કોલેજ ના ઈન્ચાર્જ ડીન શ્રી સુભાષભાઈ ગાજર અને શહેર?/તાલુકા સંગઠન,મોરચાઓ ના હોદેદારો તાલુકા પંચાયત ના સદસ્યો કાર્યકર્તા ભાઈ- બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

રોજગાર કચેરી અને જે. જે. કુંડલીયા કોમર્સ કોલેજ દ્વારા બાલભવન ખાતે મેગા જોબફેર યોજાયો

ઇમિટેશન જ્વેલરી, ડેરી ટેક્નોલોજી, પેટીએમ, ટાટા ઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વગેરે ક્ષેત્રોમાં રોજગારી માટે રસ દાખવતા ૪૦૦૦થી વધુ ઉમેદવારો

રાજકોટ

રાજકોટના બાલભવન ખાતે જિલ્લારોજગાર કચેરી અને શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો શુભારંભ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો.

ઉમેદવારોને અલગ અલગ જગ્યાએ ઈન્ટરવ્યૂ માટે જવું ના પડે અને સમયનો બચાવ થાય તેવા આશયથી એક જ જગ્યાએ આયોજિત મેગાજોબફેરમાં અલગ અલગ ૫૮ કંપનીઓએ જગ્યા પર એકઠી થઈ હતી. આ જોબફેરમાં સામેલ થઈને રોજગાર મેળવવા માટે રોજગાર વિભાગ દ્વારા ૬ હજારથી વધુ નોંધાયેલા ઉમેદવારોને આમંત્રિત કર્યા હતા. તમામ ઉમેદવારોને આવવા-જવા માટે એસ. ટી.ના ફૂપન પણ આપવામાં આવ્યા હતા. જોબફેરમાં ધોરણ ૧૦ પાસ થી લઈને માસ્ટર ડિગ્રી સુધીની લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોમાટે રોજગારીની તક ઊભી કરવામાં આવી હતી. આજના જોબફેરમાં ઈમિટેશન જ્વેલરી, ડેરી ટેક્નોલોજિ, પેટીએમ, ટાટાઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વધુ જોવા મળીહતી. શ્રીમતી જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજના સ્થાપકશ્રી શ્રી લાભુ ભાઈ ત્રિવેદીના જન્મ શતાબ્દીના અવસર પર રકતદાન કેમ્પ અને મેગાજોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતીજે. જે. કુંડલિયા કોમર્સકોલેજના ટ્રસ્ટીશ્રી અલ્પનાબેન ત્રિવેદીએ પ્રાસ્તાવિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી જોબફેરનું આયોજન કરવામાં આવે છે.

આજની તક તમામ વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું ઋણ ચૂકવવાનો અવસર છે. કોઈપણ જોબ નાની નથી હોતી પોતાની સાર્થકતા સાબિત કરવાનો અનેરો અવસર છે. યુનિવર્સિટીના વિવિધ કોર્ષમાં, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, યૂથ ફેસ્ટિવલ સહિતની વિવિધ સ્પર્ધામાં ઉત્તિર્ણ થયેલ કોલેજના વિદ્યાર્થીઓને પ્રમાણ પત્ર, શિલ્ડ અને ચેક ઈનામરૂપે આપવામાંઆવ્યા હતા. આ તકે રોજગાર કચેરીના મદદનીશનિયામકશ્રી ચેતનભાઈ દવે, કચેરીના કાઉન્સિલર શ્રી રાજેશભાઈ ચૌહાણ, શ્રી તન્વી ત્રિવેદી, શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજનાટ્રસ્ટીશ્રી ધીરુભાઈ ધાબલિયા, પ્રિન્સિપાલશ્રી પ્રીતિ ગણાત્રા, મીનાબેન કુંડલીયા મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી નીલુબેન મુલચંદાણી, કુંડલીયા આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રિન્સિપાલશ્રી યજ્ઞેશભાઈ જોશી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

વર્લ્ડ ગ્રૂપ રો બોલ ફેડરેશનના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પદે પૂર્વ સાંસદ ડૉ કિરીટભાઈ સોલંકીની બિન હરીફ નિમણૂક

અમદાવાદ

વર્લ્ડગ્રૂપ રોબોલ, ભારતની સ્વદેશી રમત, હવે આંતરરાષ્ટ્રીય મંચ પર તેની આગવી છાપ ઊભી કરી રહી છે. હરિયાણાના ઐશ્વર સિંહ આચાર્ય દ્વારા વર્ષ ૨૦૦૮ માં શરૂ કરાયેલ, આ સ્વદેશી રમત તેની સાદગી, સસ્તા સાધનો અને ફિટનેસને પ્રોત્સાહન આપતી પ્રકૃતિને કારણે વધુને વધુ લોકપ્રિય બની રહી છે. તેઅખિલ ભારતીય આંતર યુનિવર્સિટી સ્પર્ધાઓ સહિત વિશ્વના ઘણા બધા દેશોમાં રમાય છે. ગ્રૂપરો બોલના વૈશ્વિક વિકાસ માટે રચાયેલ " વર્લ્ડ ગ્રૂપ રોબોલ ફેડરેશન " ને મળેલ વૈશ્વિક મિટિંગમાં સર્વાનુમતે અમદાવાદ પશ્ચિમ લોકસભા મત વિસ્તારના લોકપ્રિય પ્રભાવશાળી પ્રજા વત્સલ પૂર્વ સાંસદ અને સમાજ સેવાના પ્રતિક, સ્વદેશી રમતોને હર હંમેશ આગળ ધપાવા માટે સતત પ્રયત્નશીલ રહેતા ડો.કિરીટભાઇ પ્રેમજીભાઇ સોલંકીને આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે. આ એતિહાસિક જાહેરાત અંગેની માહિતી ઈન્ડિયન ગ્રૂપ રોબોલ ફેડરેશન ઈન્ડિયાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અરુણ કુમારેઆપીહતી. તેમણેકહ્યું હતુંકે, "ડો. કિરીટ ભાઈ સોલંકીના નેતૃત્વમાંઆ ભારતીય સ્વદેશી રમત આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવી ઉંચાઈઓ પર પહોંચશે. તેમનો અનુભવ અને વિઝન આ રમતને વધુસારી રીતે વૈશ્વિક મંચ પર સ્થાપિતકરવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે."

આપ્રસંગે ઈન્ડિયન ગ્રૂપ રો બોલ ફેડરેશનનાજનરલ સેક્રેટરી શ્રી દત્તગીરી ગોસ્વામી, કાર્યકારી પ્રમુખ કર્નલ ડો. સંદીપ નૈન, સંગઠન સચિવ લક્ષ્મણ રાઠોડ, ઉપપ્રમુખ પંકજ જૈન, ગોવિંદ સિંહ અને ફેડરેશનના તમામ પદાધિકારીઓ એ ડો.કિરીટભાઈ સોલંકીને આંતરરાષ્ટ્રીય અધ્યક્ષપદ બિરાજમાન થવાબદલ અભિનંદન આપવાનીસાથે વિશ્વાસવ્યક્ત કર્યો હતો કે તેમના નેતૃત્વમાં આ રમત માત્રરમતપ્રેમીઓમાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય નીતિ ઘડવૈયાઓમાં પણ પોતાની આગવી ઓળખ બનાવશે. ગ્રૂપ રો બોલની લોકપ્રિયતાતેના સરળનિયમો અને તમામ ઉંમર ના લોકો માટે તેની યોગ્યતામાં રહેલી છે. આ રમત માત્રમનોરંજનનું સાધન નથીપરંતુ શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને મજબૂતકરવામાંપણ મદદરૂપ છે. ગ્રૂપ રો બોલ એ તેના ડો. કિરીટભાઈ સોલંકીના આંતરરાષ્ટ્રીય નેતૃત્વ હેઠળ નવા યુગમાં પ્રવેશવાનીશુરુઆત છે.

ગાંધીનગર શહેર ભાજપ દ્વારા ગુરુ ગોવિંદસિંહના સાહિબજાદાઓ બાબા જોરાવર સિંહ અને બાબા ફતેહ સિંહના શૌર્ય, ત્યાગ અને બલિદાનનું સ્મરણ કરી 'વીર બાળ દિવસ'ની ઉજવણી કરાઇ

કમલમ્,

ગુરુ ગોવિંદસિંહના નાના સાહિબજાદાઓ(પુત્રો) બાબા જોરાવર સિંહ (૮ વર્ષ) અને બાબા ફતેહ સિંહ (૬ વર્ષ) ધર્મ અને માનવતા ના રક્ષણ માટે મુઘલ સામ્રાજ્યની ક્રૂરતા સામે અંતિમ શ્વાસ સુધી દૃઢ અડગ અદમ્ય સાહસ, શૂરવીરતા અને બલિદાનનું સ્મરણ કરવા, તેઓના શૌર્ય અને ત્યાગને બિરદાવવા અને આજની પેઢીપણ તેઓના વિશે માહિતગાર થાય તે હેતુ સાથે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૨ માં દર વર્ષે ૨૬ ડિસેમ્બરને વીર બાળ દિવસતરીકે ઊજવવાનું નક્કી કર્યું છે તેના ઉપલક્ષ્યમાં ૨૬ ડિસેમ્બરનો રોજ શહેર ભાજપ દ્વારા વીર બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે પ્રદેશ સ્તરે થી ભાજપા અગ્રણી શ્રી ફલજીભાઈ ચૌધરીએ વક્તા તરીકે ઉપસ્થિત રહી ગુરુ ગોવિંદસિંહના નાના સાહિબજાદાઓની શૌર્યગાથા અંગે વિગતવાર છણાવટ કરી હતી અને વીર સાહિબજાદાઓની વાત મહત્તમ લોકો સુધી પહોંચતી કરવા આહ્વાન કર્યું હતું. ધારાસભ્ય રીટાબેન પટેલપણ આતક પ્રાસંગિક ઉદબોધન કર્યુંહતું. આતક શહેર ભાજપ પ્રમુખ ઋષિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, સ્ટે. કમિટીચેરમેન ગૌરાંગવ્યાસ, મહામંત્રીશ્રીઓ, અગ્રણીશ્રીઓ, સંગઠનનાહોદેદારો, ચૂંટાયેલા સભ્યો અને કાર્યકર્તાઓ ઉપસ્થિતરહ્યા હતાં.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સ્વાગતમાં નાગરિકોની રજૂઆતો સાંભળીને નિવારણ લાવ્યા

રાજ્ય સ્વાગતમાં મળેલી વિવિધ ૭૩ રજૂઆતોમાંથી ૬૦ રજૂઆતો વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ સાંભળીને નિવારણની દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી

કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલ રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળીને તેનું સ્થળ પર નિવારણ લાવ્યા હતા. રાજ્ય સ્વાગતમાં વિવિધ વિભાગોની ૭૩ જેટલી રજૂઆતો આવી હતી તેમાંથી ૬૦ રજૂઆતો વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ સાંભળીને નિવારણની દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી. જે ૧૩ રજૂઆતો મુખ્ય મંત્રીશ્રી સમક્ષ આવી હતી તેમાં પણ સંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો, ખાતાના વડાઓ, જિલ્લા અને તાલુકાના વરિષ્ઠ વહીવટી તંત્રના અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા ચર્ચા પરામર્શકરીને નિવારણ કરીને આ રજૂઆતોનું નિવારણ લાવવામાં આવ્યું હતું. દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાંઆવતા સ્વાગત ઓનલાઈનજનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત આ ગુરુવાર તા. ૨૬ ડિસેમ્બરે મુખ્ય મંત્રીશ્રી સમક્ષ જે રજૂઆતો આવી હતી તેમાં મહેસુલ, પંચાયત, પોલીસ, શહેરી વિકાસ, શિક્ષણ, સહકાર જેવા વિભાગોનો સમાવેશ થયો હતો. પ્રજાજનોની સમસ્યા કે રજૂઆતોને તાત્કાલિક ધ્યાને લઈ તેનો નિવારણ માટે પ્રો-એક્ટિવ એપ્રોચ અપનાવવા મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૂચન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ-અમદાવાદ સિક્સ લેન યોજનાની સમીક્ષા પણ કરી હતી અને મહેસુલ, માર્ગમકાન તથા ગૃહ વિભાગને બાકીની કામગીરી ત્વરાએ પૂર્ણ કરવાના નિર્દેશ આપ્યાં હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે રાજ્ય સ્વાગતમાં મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રીઓ સર્વશ્રી પંકજ જોષી અને એમ.કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી મતી અવંતિકા સિંઘ, ઓ.એસ.ડી. શ્રીયે. કે.પારેખ અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવશ્રીઓજોડાયા હતા.

વઘઈ તાલુકાના 'સાકરપાતળ જુથ પાણી પુરવઠા યોજના'ની સમિક્ષા હાથ ધરતા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

'સાકરપાતળ જુથ પુરવઠાની યોજના' થી ૨૫ ગામોની તરસ છિપાશે

કમલમ્ ,આહવા

રાજયના દુર્ગમ વિસ્તારો સુધી પાણીપહોંચાડવાની નેમ સાથે આગળ વધી રહેલા રાજય સરકારના પાણી પુરવઠાબોર્ડ દ્વારા, પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને અંતરિયાળ વિસ્તારો સુધી પાણી પહોંચાડી, પ્રજાજનોની વર્ષોની તરસ છિપાવવાનું પુણ્ય કાર્ય હાથ ધરાયું છે. તારીખ ૨૬ ડિસેમ્બરના રોજ વઘઈ તાલુકાના કાકરદા ગામે જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન,નાગરીક પુરવઠાઅને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ, 'સાકરપાતળ જુથ પાણી પુરવઠા'યોજનાની મુલાકાત લીધી હતી. આ જુથ યોજનાઓની નજીકના ૨૫ ગામોની તરસ છિપાશે. 'સાકરપાતળજુથ પાણી પુરવઠા યોજના' મારફતે પાણીની જરૂરિયાતવાળા સુર્યાબર૩, મોટા બર ડા જેવા પહાડી વિસ્તારના ગામો સુધી પાણી પહોંચાડવામાં આવનાર છે. હાલ આ યોજના પ્રાથમિક ધોરણે કાર્યરત કરવામા આવી છે. જેમા રોજેરોજ નવા ગામડાઓનો સમાવિષ્ટ કરી પાણી પહોંચાડવામા આવી રહ્યું છે. મંત્રીશ્રીએ 'સાકરપાતળજુથ પાણી પુરવઠા યોજના'ની મુલાકાત દરમિયાન સંબંધિત વિભાગના અધિકારી કર્મચારીઓ સાથે સિંચાઈ યોજના, પાણી વિતરણની વ્યવસ્થા, ઉનાળાદરમિયાન પાણી વિતરણ વ્યવસ્થા સહીત વિવિધ બાબતોઅંગેજાણકારી મેળવી હતી. આ ઉપરાંત કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈએ ડેમનાસ્ટ્રક્ચર તથા જળ સ્તરનુજાત નિરીક્ષણ કર્યું હતું. સાથે જ રેસ્ટોરેશન અર્થ વર્ક, રેસ્ટોરેશન સ્ટ્રક્ચર વર્ક, ચેકડેમની કામગીરી અંગે નિયત એજન્સીઓના કામના નિરીક્ષણ વ્યવસ્થા વગેરે બાબતે ચર્ચા કરી, સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનોકરી, માર્ગદર્શનપણ આપ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લામા સાકરપાતળ જુથ યોજનામા ૨૫ ગામો, પોલસમાળ જુથ યોજનામા ૧૮ ગામ, ધાણા જુથ યોજનામા ૧૦ ગામ, ઉમરપાડા જુથ યોજનામા ૧૦ ગામ, જ્યારે જામન્યામાળ જુથ યોજનામા ૭ ગામો સમાવિષ્ટ છે. જેનાથી ડાંગ જિલ્લાના કુલ ૭૦ ગામોની તરસ છિપાશે. ડાંગ જિલ્લાના "સાકરપાતળજુથ પાણી પુરવઠા યોજના"નીમુલાકાતપ્રસંગે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા સાથે વિધાનસભાના નાયબ દંડક તેમજ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલ પણ ઉપસ્થિત રહ્યાહતા. આ પ્રસંગેપાણી પુરવઠા વિભાગના સુરત ઝોનના ચીફ એન્જીનીયર શ્રીએમ.આર.પટેલ, સહિત ડાંગના કાર્યપાલક ઈજનેર તેમજ ડાંગના ધારાસભ્ય શ્રી હેમંત ઠીમ્મરે મંત્રીશ્રીને, ડાંગ જિલ્લાની પાણી પુરવઠા યોજનાઓનો ખ્યાલઆપ્યો હતો.

ડાંગ જિલ્લામા પાણીની સમસ્યાના નિરાકરણ અંગે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે યોજી રીવ્યુ બેઠક

કમલમ્ ,આહવા

તાજેતરમા ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલા નામંત્રી જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ, આહવા સર્કિટ હાઉસ ખાતે જિલ્લાની પાણીનીસમસ્યા બાબતે સિંચાઈ અને પાણી પુરવઠા વિભાગના અધિકારીશ્રીઓ સાથે રીવ્યુ બેઠક યોજી જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા. આ બેઠકમા ડાંગ જિલ્લાની સ્થાનિક ગ્રામપંચાયતોમા ચાલીરહેલ મીની પાઈપ લાઈન યોજના ઉપરાંત, ગ્રામજનોની પાણીની સમસ્યા અંગેની વ્યવસ્થા તેમજ અન્ય કામગીરી સંદર્ભે ગ્રામ્ય લેવલે, તાલુકા કક્ષાએ, અને જિલ્લા કક્ષાએ સંકલન સમિતિમા, પણ પાણીની સમસ્યા બાબતે સમીક્ષાહાથ ધરવા અંગે મંત્રીશ્રીએ ચર્ચા કરી હતી. મંત્રીશ્રીએ કુવાઓમાજિ જોડાણ, વાસ્મોયોજનાની મંજૂરીબાદ તેની પ્રગત અંગે સમિક્ષા, સાથે જ નવા ડેમો અને વિયરની કામગીરી, તેમજ જિલ્લામાંચાલીરહેલ પાણી પુરવઠાજૂથ યોજનાઓનુ કાર્ય વર્ષ ૨૦૨૫ ના મે મહિના સુધી પૂર્ણ કરવા, સાથે કાકરપાર વિયર આધારિત તાપી-ડાંગ બલ્ક પાઈપ લાઈન યોજનાની કામગીરીમા ઈન્ટેકવેલ, રાઈઝિંગમેઈન, ફ્લિટર પ્લાન, અને સંપની કામગીરીની જાણકારીમેળવીહતી. આબેઠકમા ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, ખેતીવાડી અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ શ્રી હરીશભાઈ બ્રહ્મા, આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી, સુબીર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી રવીનાબેન ગાવિત,જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલ,જિલ્લા વિકાસઅધિકારી શ્રી રાજ સુથાર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એમ.કે.ખાંટ, પ્રાંત અધિકારી સુશ્રી કાજલ આંબલિયા, પાણી પુરવઠાના કાર્યપાલક ઈજનેર શ્રી હેમંતભાઈ ઠીમ્મર, જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગના નાયબ ઈજનેર શ્રી વિનીતભાઈ પટેલ સહિતના સિંચાઈ વિભાગના અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાહતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028